# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૪ તા.૧૨-૦૧-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં ૧૨ વર્ષની ઉંમર સુધીનાં બાળકોને વિના મૂલ્યે પ્રવેશ આપવા અંગે.
સંદર્ભ :- ઝૂ ડાયરેક્ટરશ્રીની કચેરીના જાવક નં. ઝેડ.એસ.ડી.નં. ૪૫૦ /તા.૦૮-૦૧-૨૦૨૪ પત્ર અન્વયે

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે,કાંકરિયા પ્રાણી સંગ્રહાલય, અમદાવાદ દ્વારા તા.૧૪-૦૧-૨૦૨૪ થી તા.૩૦-૦૧-૨૦૨૪ સુધી કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં એનીમલ વેલ્ફર પખવાડીયાની ઉજવણી કરવામાં આવે છે. આ અઠવાડિયા દરમ્યાન શહેરના બાળકોને વન્ય પ્રાણીઓનો પરિચય થાય તેમજ વન્ય પ્રાણી વિષે માહિતગાર થાય તે હેતુસર આ અઠવાડિયા દરમ્યાન ૧૨વર્ષની ઉંમર સુધીના બાળકોને દર સોમવાર સિવાય'ઝૂ'માં સવારના ૯-૦૦ થી બપોરના ૧૨-૦૦ સુધી વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવનાર છે તથા કાંકરિયા પરિસરમાં શૈક્ષણિક પ્રવાસે આવતા શાળાના બાળકોને મુખ્ય શિક્ષકશ્રીના લેટરપેડ ઉપર લેખિત અરજી કાંકરિયા પરિસરના ગેટ ઉપર રજૂ કર્યેથી રૂા.૧/- બાળકદીઠ ચૂકવવાથી પ્રવેશ મળશે. જે જાણમાં લઈ શાળાના બાળકો આ લાભ લઈ શકે તેવા પ્રયત્નો કરવાના રહેશે.

**નોંધઃ- કાંકરિયા પ્રાણીસંગ્રહાલય સિવાયના અન્ય વિભાગોમાં રાબેતા મુજબ ટીકીટ મેળવીને પ્રવેશ મેળવવાનો રહેશે.**

તા.૧૨-૦૧-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

**<u>અગત્યની નોંધ</u> :-**

વિષય :- જિલ્લા આંતરિક / જિલ્લા ફેર અરસપરસ બદલી અર્થે અરજીઓ કરવા બાબત.
સંદર્ભ :- ૧. ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદ પરિપત્ર નં.૮૫ તા. ૦૧-૧૨-૨૦૨૩
૨. પ્રા.શિ.નિયામકશ્રીની કચેરીનો પત્ર ક્રમાંક : પ્રાશિનિ / ક-નીતિ/ ૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પ્રા.શિ.નિયામકશ્રીની કચેરીનો પત્ર ક્રમાંક : પ્રાશિનિ / ક-નીતિ/ ૨૦૨૪ જિલ્લા આંતરિક / જિલ્લા ફેર અરસપરસ બદલી માટે નીચે મુજબ કાર્યવાહી કરવા જણાવેલ છે. જેની નોંધ લેશો.

- શિક્ષણ વિભાગના તા.૧૦-૦૫-૨૦૨૩ના ઠરાવની જોગવાઈ મુજબ તા.૩૧-૦૩-૨૦૨૪ ની સ્થિતિએ પાત્રતા ધરાવતા વિદ્યાસહાયકો / શિક્ષકોએ તા.૦૫-૦૧-૨૦૨૪ થી તા.૦૫-૦૨-૨૦૨૪ સુધીમાં જિલ્લા આંતરિક / જિલ્લા ફેર અરસપરસ બદલી માટે પોતાની અરજી જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીને જમા કરાવવાની રહેશે.
- ત્યારબાદ મદદનીશ શાસનાધિકારીશ્રીએ તા.૦૬-૦૨-૨૦૨૪ થી તા. ૧૫-૦૨-૨૦૨૪ સુધીમાં આવેલ અરજીઓ શાસનાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાની રહેશે.

તા. ૧૨-૦૧-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/ક-નીતિ/2024/
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ..જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી – તમામ
શાસનાધિકારીશ્રી – તમામ

**વિષયઃ**- જિલ્લા આંતરિક/જિલ્લાફેર અરસપરસ બદલી અર્થે અરજીઓ કરવા બાબત.

**સંદર્ભઃ**-શિક્ષણ વિભાગના પત્રક્રમાંકઃ પીઆરઇ/૧૨૨૦૨૩/e-૪૯૬૭/ક, તાઃ-૦૩/૦૧/૨૦૨૪.

શ્રીમાન.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગ દ્વારા સંદર્ભદર્શિત પત્રથી જિલ્લા આંતરિક/જિલ્લા ફેર અરસપરસ બદલી માટે શિક્ષણ વિભાગના તાઃ-૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવના પ્રકરણઃ- N ની જોગવાઇમાં માત્ર આ વર્ષ પુરતી છુટાછાટ આપી તાઃ- ૩૧/૦૩/૨૦૨૪ ની સ્થિતિએ ઠરાવની જોગવાઇ મુજબ પાત્રતા ધરાવતા શિક્ષકો પાસેથી જિલ્લા આંતરિક/જિલ્લા ફેર અરસપરસ બદલી માટે અરજીઓ મંગાવી જિલ્લા આંતરિક/જિલ્લાફેર અરસ પરસ કેમ્પ યોજવા સુચના આપેલ છે.

શિક્ષણ વિભાગ દ્વારા સંદર્ભદર્શિત પત્રથી આપવામાં આવેલ સુચના અન્વયે નીચે મુજબ કાર્યવાહી કરવા સુચના આપવામાં આવે છે.

- શિક્ષણ વિભાગના તાઃ-૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવની જોગવાઇ મુજબ તાઃ- ૩૧/૦૩/૨૦૨૪ ની સ્થિતિએ પાત્રતા ધરાવતા વિદ્યાસહાયક/શિક્ષકોએ **તાઃ-૦૫/૦૧/૨૦૨૪ થી તાઃ- ૦૫/૦૨/૨૦૨૪** સુધીમાં જિલ્લા આંતરિક/જિલ્લા ફેર અરસપરસ બદલી માટે પોતાની અરજી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ જમા કરાવવાની રહેશે.
- ત્યારબાદ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ **તાઃ-૦૬/૦૨/૨૦૨૪ થી તાઃ-૧૫/૦૨/૨૦૨૪** સુધીમાં આવેલ અરજીઓ પોતાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાની રહેશે.

**નિયામક**
**પ્રાથમિક શિક્ષણ**
**ગુ.રા. ગાંધીનગર**

Signature Not Verified
Signed by:S. P. Chaudhari
Joint Director of Education (establishment)
Date: 2024.01.04 18:21:38 +05:30

File No: DPE/NITI/e-file/105/2023/5351/K-NITI
Approved By: Joint Director of Education (establishment),Mahekam,DI

Open the document in Adobe Acrobat DC to verify the E-sign